2019

# અહેવાલ





આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

# આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**અને**

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

## ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**દ્વારા આયોજિત**

# ‘‘પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળો ’’

**(Tribal Vanaushdhi Fair)**

**તારીખ : ૧૪ – ૧૧ – ૨૦૧૯ થી ૧૮ – ૧૧ – ૨૦૧૯**

**(સમય : સવારે ૧૦.૦૦ કલાકથી રાત્રિના ૦૯.૦૦ કલાક)**

**સ્થળ : અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ**

# આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## અને

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## આયોજિત

# "પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળો"

## સ્થળઃ અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ

તા.૧૪–૧૧–૨૦૧૯ થી તા.૧૮–૧૧–૨૦૧૯ સુધી

**ઉદ્દઘાટનનો મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ**

તા.૧૪–૧૧–૨૦૧૯, સમયઃ૧૧.૦૦ કલાક થી બપોરે ૧.૧૦

| ક્રમ | સમય | વિષય | |
|---|---|---|---|
| ૧ | ૧૧.૦૦ થી ૧૧.૪૫ | **મહેમાનોને આવકાર અને સ્વાગત –** | **આદિવાસી નૃત્ય દ્વારા** |
| ૨ | ૧૧.૪૫ થી ૧૧.૫૦ | **મહાનુભાવોની સ્ટોલ મુલાકાત** | |
| ૩ | ૧૧.૫૦ થી ૧૧.૫૫ | **મહેમાનોનું સુતરની આટી થી સ્વાગત** | |
| ૪ | ૧૧.૫૫ થી ૧.૩૦ | **પ્રસંગોચિત ઉદ્દબોધન** | |
| | | ૧. ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણી, સ્વાગત પ્રવચન | |
| | | ૨. શ્રીમતી જયશ્રીબેન બાબરીયા, પ્રમુખ શ્રી પછાત મહિલા વિકાસ મંડળ | |
| | | ૩. શ્રી અનુપમ આનંદ, સચિવશ્રી, આાદિજાતિ વિકાસ વિભાગ | |
| | | ૪. માન.રા.ક.મંત્રીશ્રી રમણલાલ પાટકર સાહેબ | |
| | | ૫.અધ્યક્ષીય પ્રવચન– માન.મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા સાહેબ | |
| ૫ | ૧.૩૦ થી ૧.૩૫ | મેળા વિષે.... બે બોલ તથા આભાર દર્શન | શ્રી જે.રંજીથકુમાર, કમિશ્નરશ્રી, આ.વિ. |

# પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળો

આદિવાસીઓની જીવન પધ્ધતિ ઘણા અંશે નૈસર્ગીક છે, આધુનિક જમાનાની દોડમાં ક્યાંક તેમાં રૂકાવટ આવી છે, પરંતુ આદિવાસીઓના સમગ્ર જીવનચક્રમાં કુદરતી પાસાઓ ઘણા અંશે વણાયેલા છે, વર્ષોથી પ્રકૃતિને નજીક અને નૈસર્ગીક ગતિવિધિઓ સાથે જીવનવ્યતીત કરતા હોવાના કારણે પ્રકૃતિના ઘણા પાસાઓ અને અંશોથી આદિવાસીઓ વાકેફ છે, વર્ષોથી જંગલોમાં વસવાટ કરનારા આદિવાસીઓની ખાન–પાનની ચીજ વસ્તુઓ, ઔષધિઓ તથા અન્ય મોટાભાગની આવશ્યક વસ્તુઓ તેઓ જંગલમાંથી મેળવીને પોતાનું જીવન નિર્વાહ કરતા હતા, તેથી જંગલ ઔષધિઓનું જ્ઞાન તેઓમાં પરંપરાથી ચાલ્યુ આવે છે અને તે જ્ઞાનના આધારે તેઓ પોતાના દુઃખ, દર્દ મટાડતા આવ્યા છે, પરંતુ છેલ્લા કેટલાક દશકાઓથી સમગ્ર દેશ, દુનિયામાં આધુનિક વિકાસની હરણફાળમાં આ પારંપારિક રીતે, અનુભવથી સિદ્ધ થયેલ જ્ઞાન ક્યાંક ક્યાંક આદિવાસીઓમાં પણ વિસરાતુ જાય છે, સાથે સાથે આવું જ્ઞાન ધરાવતા આદિવાસી વૈદ્ય–ભગતોની સંખ્યા પણ ધીરે–ધીરે ઓછી થતી જાય છે, અને આવા વૈદ્ય–ભગતો પૈકી મોટા ભાગના વૈદ્ય–ભગતોમાં અક્ષરજ્ઞાન ન હોવાના કારણે આવું જ્ઞાન લેખિત સ્વરૂપમાં તૈયાર ન થવાથી ધીરે–ધીરે તે લુપ્ત થતુ જાય છે, તેથી આવા પારંપારિક વૈદકિય ચિકિત્સા પધ્ધતિને પ્રોત્સાહિત કરવી આવશ્યક છે, કારણ કે તે વનસ્પતિ આધારિત ચિકિત્સા પધ્ધતિ છે, જે પ્રવર્તમાન સમયમાં સમગ્ર દુનિયા માટે મહત્વની સાબિત થઈ રહી છે ત્યારે પરંપરાથી આદિવાસી વિસ્તારોમાં આદિવાસી વૈદ્ય ભગતો પાસે તેનું જ્ઞાન, જાણકારી, વાપરવાની રીત વિગેરે હજી પણ અકબધ્ધ છે તેના આધારે આ વૈદ્ય ભગતો આદિવાસી લોકોની સેવા કરી રહ્યા છે, અને આ પારંપારિક વૈદકિય સેવામાં આદિવાસીઓને વિશ્વાસ છે, આ બાબતને ધ્યાનમાં રાખીને ''આદિવાસી વૈદ્ય ભગતો દ્વારા પરંપરાગત ચિકિત્સા પધ્ધતિ'' ને પ્રોત્સાહિત કરવા  તથા સમગ્ર રાજ્ય, દેશમાં આ વનૌષધીય જ્ઞાનનો પ્રચાર–પ્રસાર થાય તે માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ''પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળો તા.૧૪/૧૧/૨૦૧૯ થી તા.૧૮/૧૧/૨૦૧૯ સુધી ''અમદાવાદ હાટ'' વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે યોજાવામા આવ્યો. આ મેળાનું ઉદ્ઘાટન તા.૧૪/૧૧/૨૦૧૯ રોજ ૧૧.૦૦ કલાકે માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ શ્રી ગણપતસિંહ વસાવાના શુભ હસ્તે કરવામા આવ્યુ તથા મેળામા અતિથિ વિશેષ તરીકે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમણલાલ પાટકર સાહેબ ઉપસ્થિત રહ્યા, પરંપરાગત આદિવાસી વન ઔષધિય પ્રદર્શન અને વેચાણ મેળામાં ડાંગ,વલસાડ સહિત આદિવાસી વિસ્તારોના ૧૩૦ કરતા વધુ આદિવાસી વૈદ્ય–ભગતો વનૌષધિની સામગ્રી સાથે મેળામાં ભાગ લીધો આ મેળાના માધ્યમથી સરકાર દ્વારા પરંપરાગત આદિવાસી વૈદ્ય ભગતોના જ્ઞાનનો પ્રચાર–પ્રસારની સાથે સાથે આવનાર ભવિષ્યમાં તેઓ આ કામ વધુ અનુકૂળ રીતે કરી શકે, આદિવાસી વિસ્તારો સિવાયના વિસ્તારોમાં પણ તેનો ઉપયોગ થાય તેવી અનુકૂળતા કરવા રાજય સરકાર પ્રયાસ કરશે આ મેળાના માધ્યમથી પેઢીઓથી આદિવાસીઓમાં સચવાયેલ નૈસર્ગિક  ચિકિત્સા પદધતિ સમગ્ર રાજયમાં અને દેશમાં પ્રસરે અને મોટા પ્રમાણમાં લોકો તેનો ઉપયોગ કરીને પોતાનુ શરીર નિરોગી રાખે તેથી જ એક નિરોગી રાષ્ટનું નિર્માણ થશે સાથે સાથે આદિવાસીઓના આ જ્ઞાનના કારણે સમગ્ર દેશ, દુનિયામાં આદિવાસીઓનુ ગૌરવ વધશે.




આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા આયોજિત "પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા" નુ આયોજન અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે કરવામા આવ્યુ હતુ. આદિવાસીઓની પારંપારિક ઢબ પ્રમાણે મેળાને સુશોભિત કરવામાં આવ્યો.





"પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા" મા માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ, શ્રી ગણપતસિંહ વસાવા સાહેબશ્રીના આગમન સાથે પારંપારિક રીત ડાંગી આદિવાસી નૃત્ય સાથે તથા કંકુ–ચોખા,તિલક વડે બંન્ને માન.મંત્રીશ્રીઓ અને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું.





**મેળાનુ ઉદ્દઘાટન**



“પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા” માં માન. મંત્રીશ્રી,ગણપતસિંહ વસાવા તથા માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમણલાલ પાટકર દ્વારા સુતરની આટીઓ વાળી રિબિન છોડી તથા દિપ પ્રાગટ્ય કરી વિધિવત રીતે પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો.

## દિપ પ્રાગટ્ય



## માન. મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા વનૌષધીય મેળામાં વિવિધ સ્ટોલ્સની મુલાકાત





“પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા” મા માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ અને માન. મંત્રી રાજ્યકક્ષા, આદિજાતિ વિકાસ, વન તથા સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર વિગેરે મહાનુભાવોએ મેળામા લાગેલ તમામ ૮૩ સ્ટોલ્સની મુલાકાત લીધી. સ્ટોલ્સમાં પ્રદર્શિત કરેલ વનૌષધીય વસ્તુઓ, ફુડ આઈટમ નિહાળી તેમજ વૈદભગતોની જરૂરિયાતો વિશે જાણકારી મેળવવા માટે જણાવેલ.

# મેળામા વૈદ્ય–ભગતોને માન. મંત્રીશ્રી દ્વારા સંબોધન







"પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા" નિમિત્તે યોજાયેલ સંબોધન સભામાં માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ, માન. મંત્રી રાજ્યકક્ષા, આદિજાતિ વિકાસ, વન અને સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર વિગેરે મહાનુભાવોએ બહોળી સંખ્યામા હાજર તમામ વૈદ્ય/ભગતો અને સ્ટોલ ધારકોનુ શબ્દોથી અભિવાદન કર્યુ તેમના કામને બિરદાવ્યા અને ભવિષ્યમા આવા કાર્યક્રમોના માધ્યમથી આદિવાસીઓના પારંપારિક વનૌષધીય જ્ઞાનનો બહોળો પ્રસાર–પ્રચાર થાય તે અંગે આગળની કામગીરી કરવા આહવાન કર્યુ.





## માન. મંત્રીશ્રી, શ્રી ગણપતસિંહ વસાવા મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણનું અધ્યક્ષીય ઉદ્દબોધન

"પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા" મા માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણના અધ્યક્ષ સ્થાને અને માન. મંત્રી રાજ્યકક્ષા, આદિજાતિ વિકાસ, વન તથા સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ અને કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અને નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર વિગેરે મહાનુભાવોની હાજરીમા હાટ બજારના કોન્ફરંસ હોલ ખાતે ઉદ્ઘાટન પ્રસંગે વૈદભગતો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે શ્રી અનુપમ આનંદ, IAS સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ એ ઉપસ્થિત વૈદભગતો સહિત અન્ય તમામને આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ આભાર વ્યક્ત કર્યો અને પરંપરાગત આદિવાસી વૈદકિય જ્ઞાનનો વધુ પ્રચાર થાય, લોકોને તેનો વધુ લાભ થાય તથા આ મેળાના માધ્યમથી વૈદભગતોની આ પ્રવૃતિને વેગ મળે તેવી આશા વ્યક્ત કરી તદ્ઉપરાંત શ્રી જે.રંજીથકુમાર, IAS કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસએ પ્રવર્તમાન સમયમાં વનૌષધીનું મહત્વ તથા તેની જાણકારી ધરાવનાર વૈદભગતોને તેઓની કામગીરી માટે પ્રોત્સાહિત કરતુ સંબોધન કર્યુ હતુ તથા આદિજાતિ વિકાસ વિભાગના આમંત્રણને માન આપીને આ મેળામાં ઉપસ્થિત રહેલ તમામ વૈદભગતોનો આભાર વ્યક્ત કર્યો હતો, માન. મંત્રીશ્રીએ તમામ વૈદ્ય–ભગતોને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે પહેલાના જમાનામાં  તમામ આદિવાસીઓ સારવારની બાબતે વૈદ્ય–ભગતો પર નિર્ભર હતા પરંતુ હવે શહેરી દાક્તરોની સારવાર લેવા માટે સરકારની મદદ લેવી પડે છે. ભુતકાળમા સરકારની અપેક્ષા રાખ્યા વગર જાતે બધુ કરી લેતા હતા પરંતુ હવે સરકાર પર નિર્ભરતા જણાય આવે છે. અહિ જણાવવામા આવ્યુ તેમ આ બધુ જ્ઞાન બાપ–દાદાથી મળ્યુ અને એ પણ સાંભળીને કોઇ લેખીત સાહિત્ય ઉપલબ્ધ ન હતુ તેમ છતા આજે બહોળા પ્રમાણમા વૈદ્ય–ભગતો અહી ઉપસ્થિત છે તે જોઇને આનંદની લાગણીનો અનુભવ થાય છે કે તમે લોકોએ આ અમૂલ્ય વારસાને સંભાળીને રાખ્યો છે જે આજની અને આવતી પેઢીને કામ લાગવાની છે.

પહેલા આદિજાતિ વિસ્તારમા રહેતા આદિવાસી લોકોને કોઇ ઘા વાગે તો અમુક દેશી પત્તાના રસ લગાડવાથી એ મટી જતુ, તાવ, શરદી, કમળા વિગેરે જેવી બિમારીઓનો ઈલાજ તો સામાન્ય ઘરમા ઉપલબ્ધ વસ્તુઓ માથી જ કરી દેવામા આવતી.પ્રવર્તમાન સમયમાં આદિવાસી વિસ્તારોમાં પણ ગંભીર રોગો પ્રવેશી ગયા છે આ રોગોનો જેમ કે કેંસર, હ્રદય રોગના હુમલા, એઇડ્સ વિગેરે જેવા ઈલાજ શહેરી દાક્તર પાસે નથી પરંતુ આપ જેવા વૈદ્ય–ભગતો પાસે આનો ઈલાજ છે જે ખુબજ સરાહનિય બાબત છે અને આ વાતનો મને અને અહિ ઉપસ્થિત તમામને ગૌરવ છે.

આપણે જાણિએ છીએ કે પહેલા આદિવાસીઓના વિસ્તારમાં ગંભીર બિમારીઓ ન હતી સામાન્ય તાવ, માથુ દુખવુ, શરદી વિગેરે બિમારીઓજ હતી. અને હાલ આપ સૌ જાણો જ છો એવી બિમારીઓ આવી ગઇ છે કે જેના પહેલા ક્યારે નામ પણ નહોતા સાંભળ્યા. તો આનો ઉદ્ભવ ક્યાથી


થયો ? ત્યારે ખબર પડે છે કે ખેતીમા વધુ પડતા દવાના છંટકાવ અને રાસાયણિક ખાતરોનો ઉપયોગ આના મુખ્ય કારણો પૈકીનું છે. આની જગ્યાએ આપને ઓર્ગેનિક ખેતીને અપનાવવી જોઇએ જેથી કરીને લોકોના સ્વાસ્થ્યને હાની ન પહોંચે. અને આમ પણ લોકો હવે ઘણા જાગૃત થયા છે તેથી તેઓ ઓર્ગેનિક વસ્તુઓને લેવાનુ જ પસંદ કરે છે એટલે કે એની માંગ વધુ છે.

અંતમાં માન.મંત્રીશ્રીએ તમામ વૈદ્ય–ભગતોની જરૂરીયાતોને પરીપૂર્ણ કરવા માટે સંબધિત અધિકારીઓને તાકિદ કરી અને આગળ આવા આયોજનો કરીને વનૌષધીય વસ્તુઓનો વધુ પ્રચાર–પ્રસાર કરવા માટેનુ સુચન કર્યુ.




“પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા”મા કુલ ૮૩ સ્ટોલ્સ પૈકી વનઔષધિ, સરવાર, ક્રાફ્ટ સ્ટોલ્સ તેમજ પરંપારિક આદિવાસી ફુડ અંગેના ખાણી–પીણીના

સ્ટોલ્સનો સમાવેશ કરવામાં આવેલ  આ સ્ટોલ્સમા સાંધાના દુખાવા, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, લકવા, માથાનો દુખાવો, અનિંદ્રા, સ્થુળતા, એસિડિટી, પથરી અને પ્રોસ્ટેટ જેવી અનેક બિમારીઓની વનૌષધિઓ ઉપલબ્ધ હતી તે ઉપરાંત તાત્કાલીક સારવાર, માલીસ, મસાઝ, વિવિધ થેરાપી તેમજ સ્ટીમ બાથ જેવી અનેક સુવિધાઓ એક જ જગ્યાએ ઉપલબ્ધ થાય તે રીતનુ આ સંપૂર્ણ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ઉક્ત જોવા મળે છે તે પ્રમાણે મોટી સંખ્યામા લોકોએ મેળાને નિહાળ્યો અને દવાઓની ખરીદી તેમજ સારવાર લીધી હતી.





તા.૧૮–૧૧–૨૦૧૯ના રોજ રાષ્ટ્રીય આદિજાતિ આયોગના સભ્યશ્રી હર્ષદભાઈ વસાવાએ મેળાની મુલાકાત કરી અને મેળામાં ઉપસ્થિત વૈદભગતોના વિવિધ વનૌષધિના સ્ટોલ્સની જાણકારી મેળવી તેઓ એ વૈદભગતો દ્વારા પ્રદર્શિત કરેલ વનૌષધિઓ અને તેના ઉપયોગ વિશે વૈદભગતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ કર્યો અને આ આયોજન માટે આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને શુભેચ્છા પાઠવી.

## પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળાની વૈદુભગતોને આવક

| પરંપરાગત આદિવાસી વનૌષધીય મેળામાં આવક | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તારીખ | મુલાકાતિઓની સંખ્યા | સારવાર લીધેલ લોકોની સંખ્યા | વેંચાણની વિગતો |
| ૧ | ૧૪/૧૧/૨૦૧૯ | ૧૫૦૦ | ૫૦ | ૮૪,૯૦૦.૦૦ |
| ૨ | ૧૫/૧૧/૨૦૧૯ | ૧૧૦૦ | ૧૨૦ | ૧,૫૧,૦૩૦.૦૦ |
| ૩ | ૧૬/૧૧/૨૦૧૯ | ૧૬૦૦ | ૧૫૦ | ૨,૧૧,૧૦૧.૦૦ |
| ૪ | ૧૭/૧૧/૨૦૧૯ | ૨૫૦૦ | ૩૫૦ | ૫,૦૨,૮૦૨.૦૦ |
| ૫ | ૧૮/૧૧/૨૦૧૯ | ૨૦૦૦ | ૩૦૦ | ૪,૩૮,૨૬૦.૦૦ |
| **કુલ** | | **૮૭૦૦** | **૯૭૦** | **૧૩,૮૮,૦૯૩.૦૦** |



આ મેળો તા.: ૧૪/૧૧/૨૦૧૯ થી ૧૮/૧૧/૨૦૧૯ સમય સવારે ૧૦.૦૦ થી રાતે ૦૯.૦૦ કલાક એમ કુલ પાંચ દિવસ ચાલેલ જેમા આશરે કુલ ૮૭૦૦ લોકોએ મેળાની મુલાકાત લીધી જે પૈકીના કુલ ૯૭૦ લોકોએ સારવાર લીધી અને આ પાંચ દિવસ દરમ્યાન તમામ ૮૩ સ્ટોલ્સ મળીને કુલ રૂ. **૧૩,૮૮,૦૯૩.૦૦**/– ની આવક થઈ હતી.

આ મેળામાં આવનાર તમામ વૌદુભગતોની રહેવા જમવાની તેમજ આવવા જવાના ભાડાની વ્યવસ્થા સહિત અન્ય તમામ સુવિધા નિઃશુલ્ક પુરી પાડવામાં પાડવામાં આવેલ હતી.

## મેળાનો પૂર્ણાહુતી કાર્યક્રમ





તારીખ : ૧૮/૧૧/૨૦૧૯ ના રોજ સાંજે ૬.૩૦ કલાકે પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળા" ના પૂર્ણાહુતિ કાર્યક્રમનુ આયોજન ડૉ.અનામિકભાઇ શાહ, કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠના અધ્યક્ષસ્થાને કરવામા આવ્યુ હતુ. તેમાં ડૉ. ભરતભાઇ જોષી, કાર્યકારી કુલ સચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ તથા ગુજરાતના નામાંકિત વનૌષધીય વૈદશ્રી મીનુભાઇ પરબીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા ડૉ.રાજેન્દ્રભાઇ ખીમાણી, નિમાયકશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોનો પરિચય કરાવ્યો, આ પૂર્ણાહુતિ કાર્યક્રમમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ વૈદ્ય–ભગતોને મેળામાં ભાગ લેવા બદલ પ્રમાણપત્રો વિતરણ કરવામા આવ્યા.

આ અવસરે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો.અનામિકભાઈ શાહએ અભિવાદનમાં તમામ વૈદ્ય–ભગતોનો જુસ્સો વધારતા આ મેળાના આયોજનને લઇને પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમજ આ પાંચ દિવસો દરમિયાન આપ સૌ લોકોએ વનૌષધિઓનો જે પ્રચાર–પ્રસાર અને વેચાણ કર્યુ છે જેનાથી જનતાને એક નવી ચેતના મળી છે એક નવો વિકલ્પ મળ્યો છે જેના થકી તેઓના જટીલ,હઠીલા રોગોના નિવારણ લાવવામાં નવી દિશા મળી, આમ આ સંપૂર્ણ મેળાના આયોજન બદલ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની ટીમની પણ સરાહના કરી.

**વૈદ્ય–ભગતોએ આપેલ અભિપ્રાયોઃ**

- મેળાના આયોજન બદલ આદિજાતિ વિકાસ વિભાગ તથા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠનો આભાર વ્યક્ત કર્યો.
- આવા મેળાઓ વર્ષમાં બે કે વધુ વાર થવા જોઈએ.
- અમારી વનૌષધિયોનું વેચાણ ખુબ સારૂ થયુ છે, અમારી સેવાઓ શહેરી જનોને ખૂબ જ પસંદ આવી છે અમો આ કામગીરી વધુ સારી રીતે કરી શકીએ તે માટે સરકારની મદદ ખુબજ જરૂરી છે અમને આ બાબતની આવશ્યક તાલીમ મળે તેવી વ્યવસ્થા થવા વિનંતી.

## સારાંશ

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદવાદ દ્વારા તા.૧૪–૧૧–૨૦૧૯ થી તા.૧૮–૧૧–૨૦૧૯, અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે પરંપરાગત આદિવાસી વનૌષધીય પ્રદર્શન અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ આદિજાતિ વિસ્તારમા વિદ્યમાન કુદરતી ઉપચારથી ભરપુર એવી વનઔધિઓને અને તે વનઔષધિના જાણકાર એવા આદિજાતિ વિસ્તારના વૈદ્ય–ભગતોને એક મંચ પર લાવી તેને મોટા ફલક પર પહોચાડી, આ સેવાનો વધુ પ્રચાર–પ્રસાર થાય, લોકોને આદિવાસી ઉડાંણાના વિસ્તારમાં પડેલ કિમતી વનૌષધિયો લોકોના આરોગ્ય માટે ઉપયોગી બને અને તેનો બહોળો પ્રચાર–પ્રસાર થાય તથા વૈદભગતોને પ્રોત્સાહન મળે તે ઉદ્ધેશ્યથી આ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ મેળામા કુલ–૮૩ સ્ટોલ ના કુલ ૧૩૩ સ્ટોલ ધારકો હતા. આ તમામ વૈદ્ય–ભગતો (પરંપરાગત વનૌષધિના જાણકાર લોકો) મુળ ડાંગ, નવસારી અને વલસાડા જિલ્લામાંથી તેઓ આવેલા. આ મેળાના આયોજનમાં સહયોગી સંસ્થા "શ્રી પછાત મહિલા વિકાસ મંડળ" ભાવનગરએ વૈદભગતોને મેળામાં આવવા માટે આ મેળામા પાંચ દિવસ દરમ્યાન બહોળી સંખ્યામા લોકોએ ભાગ લીધો અને મેળામા મળતી તમામ સેવાઓનો ભરપૂર લાભ લીધો. મુલાકાતીઓએ આ મેળાને લઇને જે પ્રતિભાવો આપ્યા હતા તે પૈકી મહત્વના અભિપ્રાય તરીકે આવા મેળાઓ દર વર્ષે નિયમિત થાય અને વધુ પ્રચાર–પ્રસાર કરવામાં આવે તથા આયોજનમાં સહયોગ કર્યો હતો. આવા મેળા નિયમિત પણે કરવા માટેનો આગ્રહ વ્યક્ત કર્યો હતો. આશરે ૮૭૦૦ થી પણ વધુ લોકોએ આ મેળાની મુલાકાત લીધી તે પૈકી ૧૦૦૦ થી પણ વધુ લોકોએ મેળામા મળતી વિશેષ સુવિધા–સારવાર લીધી. અને આમ આ મેળામા કુલ ૧૩,૮૮,૦૯૩.૦૦ લાખ કરતા પણ વધુનુ વેંચાણ થયુ. આમ આ મેળો સફળ રહ્યો.